| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **NavGujarat Samay** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **05/12/2021** |
| **PAGE :** | **4** |

# ‘વૃદ્ધિ, સ્પર્ધાત્મકતાને વેગ આપવામાં MSME ’ની ભૂમિકા પર સંવાદ યોજાયો

**નવગુજરાત સમય** > અમદાવાદ



કેન્દ્રીય એમએસએમઈ મંત્રી નારાયણ રાણેએ શનિવારે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અમદાવાદની મુલાકાત લીધી હતી. ‘વૃદ્ધિ અને સ્પર્ધાત્મકતાને વેગ આપવામાં MS-MEની ભૂમિકા' પર તેમણે સંબોધન કર્યું હતું. તેમણે અર્થતંત્રને બેઠું કરવા ઓદ્યોગિક વાતાવરણને પોષણ આપવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, “ઓદ્યોગિકરણ વધવાથી વધારે નવીન સમાધાનો પ્રસ્તુત થવાથી સમાજમાં સ્થિરતા આવે છે. આ યુવા પેઢીને રચનાત્મક રીતે વિચારવા અને તેમને સાહસ ખેડવા પ્રેરિત પણ કરે છે.”

સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગસાહસિકતાને ટેકો આપવા વિશે રાણેએ ઉમેર્યું હતું કે, “વર્તમાન અને નવા MSME ઉદ્યોગસાહસિકો લાભદાયક સ્થિતિ ધરાવે છે. હાલ કાર્યરત કેટલાંક ઈન્ક્યુબેશન સેન્ટર, પેટન્ટ ફાઈલ કરવાની સરળતા, વ્યવસાય સ્થાપિત કરવાની સરળતા અને કાયદેસર ઓપચારિકતાઓ સાથે સંબંધિત પ્રગતિશીલ યોજનાઓ, ધિરાણ, માર્કેટિંગ, બજારો, ટેકનોલોજી, બૌદ્ધિક સંપદા, માનવ સંસાધન વગેરે બહુ સરળ થઈ ગયું છે. MSMEને વિચારો અને એનો અમલીકરણ વ્યવહારિક રીતે કરવાની જરૂરિયાત પર વિચારવાની જરૂર છે. સારા વિચારને સફળતા મળે એ માટે ઉત્કૃષ્ટ અમલીકરણ કરવું પડે છે.”